Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# :: કાર્યવાહી ::

અનુસ્નાતક શિક્ષણ મંડળ **(Board of University Teaching)** ની સભા બુધવાર તા.૭–૧૦–૨૦૧૫ ના રોજ બપોરે ૩ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિ રૂમ નંબર : ૨૦૫ માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડો. દક્ષેશ ઠાકર | **કુલપતિશ્રી** | હાજર |
| ૨. | પ્રો. ઈશ્વરભાઈ એમ. પટેલ | | હાજર |
| ૩. | ડો. અશ્વિનભાઈ એસ. પટેલ | | હાજર |
| ૪. | ડો. વી.ડી. નાયક | | હાજર |
| ૫. | ડો. પ્રફુલસિંહ જે. રાજ | | હાજર |
| ૬. | ડો. વિનોદરાય બી. પટેલ | | હાજર |
| ૭. | ડો. જે.ટી. દેસાઈ | | હાજર |
| ૮. | ડો. અપૂર્વ એ. દેસાઈ | | હાજર |
| ૯. | ડો. મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ | | હાજર |
| ૧૦. | ડો. ધનશ્યામભાઈ ડી. રાવલ | | હાજર |
| ૧૧. | પ્રો. પરસી એન્જિનીયર | | ગેરહાજર |
| ૧૨. | ડો. રાકેશ એન. દેસાઈ | | હાજર |
| ૧૩. | ડો. એસ.એસ. રાવ | | હાજર |
| ૧૪. | ડો. પ્રિતી કે. ગર્ગ | | હાજર |
| ૧૫. | ડો. કે.સી. પોરિયા | | હાજર |
| ૧૬. | ડો. કે.સી. પટેલ | | હાજર |
| ૧૭. | ડો. પરવેઝ અબ્બાસી | | ગેરહાજર |
| ૧૮. | ડો. એસ.કે. ટાંક | | ગેરહાજર |
| ૧૯. | ડો. દિપીકાબેન બી. શાહ | | ગેરહાજર |
| ૨૦. | ડો. આર.ડી. પટેલ | | હાજર |
| ૨૧. | ડો. વિપુલ જે. સોમાણી | | હાજર |
| ૨૨. | ડો. મોહિનીબેન ગઢીયા | | હાજર |
| ૨૩. | ડો. દમયંતિબેન પરમાર | | હાજર |
| ૨૪. | ડો. હરીશ ડી. ડોકટર | | હાજર |
| ૨૫. | ડો. કિરણ એમ. પંડયા | | હાજર |
| ૨૬. | ડો. રેણુકા ગર્ગ | | હાજર |
| ૨૭. | ડો. જગદીશ એમ. ગુર્જર | | હાજર |
| ૨૮. | ડો. હેમાલી એ. દેસાઈ | | હાજર |
| ૨૯. | પ્રો. એમ.એન. પટેલ | | હાજર |
| ૩૦. | ડો. નિતીનભાઈ પટેલ | | હાજર |

| | | |
|---|---|---|
| ૩૧. | ડો. વિક્રમ બી. દેસાઈ | હાજર |
| ૩૨. | ડો. કે.એન. ભટ્ટ | હાજર |
| ૩૩. | ડો. મનીષા પાનવાલા | હાજર |
| ૩૪. | પ્રો. અજય એન. પટેલ | હાજર |
| ૩૫. | ડો. કિશોર નાયક | હાજર |
| ૩૬. | ડો. જયોતિ રાવ | ગેરહાજર |
| ૩૭. | ડો. રૂસ્તમ મોરેના | ગેરહાજર |

**(૧)** અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની તા.૪/૦૫/૨૦૧૫ ની કાર્યવાહીને બહાલી આપવા અંગે.

(અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૪/૦૫/૨૦૧૫ ની કાર્યવાહી સભ્યશ્રીઓને તા.૧૮–૦૫–૨૦૧૫ ના રોજ પરિપત્રીત કરી જો કાર્યવાહીમાં સુધારા વધારા હોય તો તા.૩૦–૦૫–૨૦૧૫ સુધીમાં યુનિવર્સિટીને જાણ કરવા જણાવેલ હતું. નિયત સમયમાં સભ્યશ્રીઓ ધ્વારા કોઈ સુધારા સૂચવેલ નથી.)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની તા.૪/૦૫/૨૦૧૫ ની કાર્યવાહીને બહાલી આપવામાં આવે છે.**

**(૨)** ડૉ. એન. સી. શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. સંશોધન અર્થે આર્કિટેકચર વિષયમાં એન્જિ. ફેકલ્ટીમાં નોંધણી ક્રમાંકઃ ૨૩૭૧થી તા. ૨૧–૦૪–૨૦૧૦ ના રોજ નોંધાયેલ વિદ્યાર્થીશ્રી હિમરશ્મી પારેખ ધ્વારા તેઓના માર્ગદર્શક શિક્ષક તથા ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડિઝાઈનની ભલામણ સાથેની તેઓની તા. ૨૩–૦૬–૨૦૧૫ની અરજી/વિનંતીથી તેઓની પીએચ.ડી. અભ્યાસની નોંધણી આર્કિટેકચર વિષયના ઈજનેરી વિદ્યાશાખામાંથી આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખામાં તબદીલ કરવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એન. સી. શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. સંશોધન અર્થે આર્કિટેકચર વિષયમાં એન્જિ. ફેકલ્ટીમાં નોંધણી ક્રમાંક : ૨૩૭૧થી તા. ૨૧–૦૪–૨૦૧૦ ના રોજ નોંધાયેલ વિદ્યાર્થીશ્રી હિમરશ્મી પારેખ ધ્વારા તેઓના માર્ગદર્શક શિક્ષક તથા ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડિઝાઈનની ભલામણ સાથેની તેઓની તા. ૨૩–૦૬–૨૦૧૫ ની અરજી / વિનંતીથી તેઓની પીએચ.ડી. અભ્યાસની નોંધણી આર્કિટેકચર વિષયના ઈજનેરી વિદ્યાશાખામાંથી આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખામાં તબદીલ કરવાની વિનંતી મંજૂર કરવામાં આવે છે.**

**(૩)** અનુસ્નાતક ભાગ – ૧ ( પ્રથમ સેમેસ્ટર) પ્રવેશ સમિતિની અનુસ્નાતક પ્રવેશના નિયમની જોગવાઈ 6 (iii) (I) નીચે મુજબ હોય જે સમિતિ પર યુ. જી. સી. ગાઈડ લાઈનની નીચેની જોગવાઈ મુજબ એસ.સી. / એસ.ટી. જાતીનું પ્રતિનિધિત્વ માટે અનુસ્નાતક પ્રવેશ સમિતિ પર એક સભ્યની નિયુકતી કરવાની હોય જે જોગવાઈ અવલોકનમાં લઈ અનુસ્નાતક પ્રવેશના નીચેના નિયમ 6 (iii) (I) માં (f) તરીકે **<u>One member appointed by the Vice-Chancellor shall belong to the SC / ST category</u>** નિયુકત કરવાની જોગવાઈ આમેજ કરવા વિચારણા કરવા અંગે.

<u>P.G. Rule No. 6</u>

(1) (iii) (I) The recommendations for admission shall be made by a Committee consisting of :
- (a) The Dean of the respective Faculty **<u>(as Chairman)</u>**
- (b) The Head of the University Department **(as Co -Chairman)**
- (c) Three Professor(s) In Charge of the P.G. Centre(s) to be nominated by the Vice Chancellor;
- (d) At least one teacher representing each of the branches of specialization/ optional paper offered in the subject and not represented in (b) and (c) above to be appointed by the Vice-Chancellor

(e) Nominee/s of the Vice Chancellor

<u>યુ. જી. સી. ગાઈડ લાઈન ક્રમાંક ૯ (અ) ની જોગવાઈ :</u>

All the procedures prescribed under various instructions from the Central Government from time to time, as referred to in sub-clause (a) of clause 8 above shall be applicable mutatis mutandis to matters of admission of students referred to in all the educational institutions referred to in clause

<u>યુ. જી. સી. ગાઈડ લાઈન ક્રમાંક ૮ (એ) (ii) ની જોગવાઈ :</u>

One Member of the interview committee shall belong to the SC / ST category

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક અભ્યાસ પ્રવેશ સમિતિ અને Ph.D. / M.Phil. ની Research Studies Committee (RSC) પર અનુસૂચિત જાતિ (SC) / અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના એક પ્રતિનિધિ નિયુકત કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. જેનો અમલ હવે પછીની તમામ પ્રવેશની કાર્યવાહીમાં કરવા અને અનુસ્નાતક અભ્યાસક્રમના પ્રવેશના નિયમ 6 (iii) (I) માં (f) તરીકે તેમજ Ph.D. ઓર્ડિસનન્સ 2 (I) d (a) માં યુ.જી.સી. ગાઈડ લાઈન મુજબની જોગવાઈ, One member appointed by the Vice-Chancellor shall belong to the SC / ST category આમેજ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૪)** પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન રૂરલ ડેવલપમેન્ટનો અભ્યાસક્રમ ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિએ તેની તા. ૨૫–૦૬–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે સ્વીકારી તે મંજૂર કરવા ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાને કરેલ નીચેની ભલામણ ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાએ તેની તા. ૦૨/૦૭/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે સ્વીકારેલ છે, જે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

**<u>ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિની તા. ૨૫/૦૬/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન રૂરલ ડેવલપમેન્ટના અભ્યાસક્રમ જરૂરી સુધારા વધારા સાથે સ્વીકારવામાં આવે છે. તેમજ જો વિદ્યાર્થી સેમેસ્ટર–૧ સફળતાપૂર્વક ઉત્તિર્ણ કરે તો તેને સર્ટીફીકેટ ઈન રૂરલ ડેવલપમેન્ટ એનાયત કરવું તેવી ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**<u>ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની તા. ૦૨/૦૭/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિની તા. ૨૫/૦૬/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૨ યથાવત્ સ્વીકારી તે મંજૂર કરવા અનુસ્નાતક શિક્ષણ મંડળને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની તા. ૦૨/૦૭/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૨ મુજબ 'પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન રૂરલ ડેવલપમેન્ટ' ના અભ્યાસક્રમને ગ્રામ અભ્યાસ વિષયની અભ્યાસ સમિતિની તા.૨૫/૦૬/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક (૨) થી સુધારા વધારાની મંજૂર કરેલ ભલામણ સહિતની 'પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન રૂરલ ડેવલપમેન્ટ' ના અભ્યાસક્રમમાં જો વિદ્યાર્થી સેમેસ્ટર–૧ સફળતાપૂર્વક ઉત્તિર્ણ કરે તો તેને 'સર્ટીફીકેટ ઈન રૂરલ ડેવલપમેન્ટ' ક્રેડિટ / ગ્રેડ પોઈન્ટ સાથે એનાયત કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૫)** પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન નેચરલ રિસોર્સ મેનેજમેન્ટના અભ્યાસક્રમ ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિએ તેની તા. ૨૫–૦૬–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે સ્વીકારી તે મંજૂર કરવા ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાને કરેલ નીચેની ભલામણ ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાએ તેની તા. ૦૨/૦૭/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે સ્વીકારેલ છે, જે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

**<u>ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિની તા. ૨૫/૦૬/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન નેચરલ રિસોર્સ મેનેજમેન્ટના અભ્યાસક્રમ જરૂરી સુધારા વધારા સાથે સ્વીકારવામાં આવે છે. તેમજ જો વિદ્યાર્થી સેમેસ્ટર–૧ સફળતાપૂર્વક ઉત્તિર્ણ

કરે તો તેને સર્ટીફીકેટ ઈન નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ એનાયત કરવું તેવી ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

<u>ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની તા. ૦૨/૦૭/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૩</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિની તા. ૨૫/૦૬/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૩ યથાવત્ સ્વીકારી તે મંજૂર કરવા અનુસ્નાતક શિક્ષણ મંડળને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની તા. ૦૨/૦૭/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૩ મુજબ 'પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ' ના અભ્યાસક્રમને ગ્રામ અભ્યાસ વિષયની અભ્યાસ સમિતિની તા.૨૫/૦૬/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક (૩) થી સુધારા વધારાની મંજૂર કરેલ ભલામણ સહિતની 'પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ' ના અભ્યાસક્રમમાં જો વિદ્યાર્થી સેમેસ્ટર–૧ સફળતાપૂર્વક ઉત્તિર્ણ કરે તો તેને 'સર્ટીફીકેટ ઈન નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ' ક્રેડિટ / ગ્રેડ પોઈન્ટ સાથે એનાયત કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૬)** વિદ્યાર્થીની વ્યાસ સાચી મનીષભાઈએ ટી.વાય.બી.કોમ. માર્ચ–૨૦૧૨માં પાસ કલાસ સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતથી પાસ કરેલ છે. પ્રસ્તુત વિદ્યાર્થી એમ.એ. (ગુજરાતી) વિષયમાં એક્ષટર્નલ તરીકે કરવુ છે. પ્રસ્તુત વિદ્યાર્થી કોમર્સમાં ગ્રેજયુએટ થયેલ છે અને હવે તેઓ આર્ટસમાં પોસ્ટ ગ્રેજયુએશન કરવા માંગે છે. વિદ્યાર્થી એમ.એ. (ગુજરાતી) વિષયમાં એક્ષટર્નલ વિદ્યાર્થી તરીકે પ્રવેશ પાત્ર છે કે કેમ ? તે અંગે આર્ટસ ફેકલ્ટીનાં ડીનશ્રીને અભિપ્રાય પૂછાવતાં તેમણે જણાવેલ છે કે સદર વિદ્યાર્થીનીને એમ.એ. (ગુજરાતી) વિષય સાથે પ્રવેશ આપી શકાય નહી. એમ.એ. અર્થશાસ્ત્ર સાથે પ્રવેશ આપી શકાય. છતાં ફેકલ્ટી બદલીનો પ્રશ્ન છે તેથી બી.યુ.ટી.માં મુકવા ભલામણ કરેલ છે આથી આ બાબતે વિદ્યાર્થીનીની પ્રવેશ પાત્રતા અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીની વ્યાસ સાચી મનીષભાઈએ ટી.વાય.બી.કોમ. માર્ચ–૨૦૧૨માં પાસ કલાસ સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતથી પાસ કરી એમ.એ. (ગુજરાતી) વિષયમાં એક્ષટર્નલ તરીકે પ્રવેશ આપવાની વિનંતી સ્વીકારવામાં આવતી નથી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, સ્નાતક અભ્યાસને ધ્યાને લઈ વિષય / વિદ્યાશાખા બદલી અનુસ્નાતક અભ્યાસમાં પ્રવેશની કાર્યવાહી માટે આર્ટસ અને કોમર્સ વિદ્યાશાખાની તમામ વિષયની બોર્ડ ઓફ સ્ટડીઝની વિચારણા માટે રજૂ કરી બોર્ડ ઓફ સ્ટડીઝના ઠરાવ વિદ્યાશાખાની ભલામણ સાથે બી.યુ.ટી. સમક્ષ વિચારણા માટે રજૂ કરવી.**

**(૭)** શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન અનુસ્નાતક કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિએ પ્રવેશ કાર્યવાહી અંર્તગત તા.૧૭–૩–૨૦૧૫ના રોજ નીચે મુજબ ભલામણ કરેલ છે જે મા.કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે જનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી તમામ અનુસ્નાતક ડિગ્રી/ ડિપ્લોમાં અભ્યાસક્રમની પ્રવેશ કાર્યવાહીમાં કરવાનો હોય જે પર વિચારણા કરવા બાબત.

– શૈક્ષણિક વર્ષ : ૨૦૧૫ થી પાછલા વર્ષોમાં ડીગ્રી પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓના કુલ મેરીટ માંથી દરેક પાછલા વર્ષ દીઠ ૨ % બાદ કરવામાં આવશે.

– સ્નાતક પરીક્ષા સેમેસ્ટર પ્રથા પ્રમાણે પાસ કરનાર વિદ્યાર્થીઓના પાંચમા ($5^{th}$ Semester) તેમજ છઠ્ઠા સેમેસ્ટર ($6^{th}$ Semester) ની પરીક્ષામાં એક કરતાં વધુ પ્રયત્ને (એટેમ્પ) થી પાસ કરેલ હોય તો બંને સેમેસ્ટરોની દરેક એટેમ્પ દીઠ ૨ % પ્રમાણે કાપવા તેમજ પરીક્ષા વાર્ષિક માળખા મુજબ પાસ કરનાર વિદ્યાર્થીઓએ છેલ્લા વર્ષની પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને (એટેમ્પ) થી પાસ કરેલ હોય તો દરેક પ્રયત્ન (એટેમ્પ) દીઠ ૨ % પ્રમાણે બાદ કરવા.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્નાતક અભ્યાસ સફળતાપૂર્વક પાસ કરનાર ડીગ્રી ધારક અનુસ્નાતક પ્રવેશ માટે એક થી વધુ વર્ષ બાદ પ્રવેશ માટે અરજી કરે તો સ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યેથી એક વર્ષના ૨ % લેખે મહત્તમ ૬ % પ્રવેશ પાત્રતાના માર્કસમાંથી બાદ કરી પ્રવેશની મેરીટ યાદીમાં સમાવવા તેમજ સેમેસ્ટર સિસ્ટમમાં પાંચમા / છઠ્ઠા સમેસ્ટરની પરીક્ષામાં એક કરતાં વધુ પ્રયત્ને (એટેમ્પ) થી પાસ કરે તો સેમેસ્ટરની દરેક એટેમ્પ દીઠ ૧ % પ્રમાણે મહત્તમ ૬ % અને વાર્ષિક માળખા મુજબની છેલ્લા વર્ષની પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને (એટેમ્પ) થી પાસ કરેલ હોય તો દરેક પ્રયત્ન (એટેમ્પ) દીઠ ૨ % પ્રમાણે મહત્તમ ૬ % પ્રવેશ પાત્રતાના માર્કસમાંથી બાદ કરી પ્રવેશની મેરીટ યાદીમાં સમાવવા અને તેનો અમલ આગામી શૈક્ષણિક વર્ષની અનુસ્નાતક પ્રવેશ પ્રક્રિયાથી કરવા અનુસ્નાતક પ્રવેશના પ્રવર્તમાન નિયમની જોગવાઈનાં સ્થાને આમેજ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૮)** Board of University Teaching (Under Section 42 (2) of the South Gujarat University Act) (i) Constitution Statute 134: (b) અન્વયે અત્રેની યુનિવર્સિટીના ત્રણ સભ્યો અથવા અન્ય યુનિવર્સિટીના ત્રણ સભ્યોને કો–ઓપ્ટ કરવાની જોગવાઈ હોય જે પર વિચારણા કરવા બાબત.

(b) The Board of University Teaching shall consist of - The Board may at is first meeting after its constitution or reconstitution co - opt not more than three experts from this or any other University.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, Board of University Teaching પર Statute 134 (b) અન્વયે ત્રણ સભ્યોને કો–ઓપ્ટ કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

**(૯)** શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન અનુસ્નાતક કેન્દ્રસ્થ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હેઠળ બી.બી.એ. અભ્યાસક્રમ બીજા વર્ગ સાથે સફળતાપૂર્વક પાસ કરેલ વિદ્યાર્થી સિંગ અશ્વિની કુમારને રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી ખાતે એમ.એ.–અર્થશાસ્ત્ર વિષયમાં મળેલ પ્રવેશ ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા અને ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખાના અભિપ્રાય અનુસાર બી.કોમ. નો અભ્યાસક્રમ બીજા વર્ગ સાથે સફળતાપૂર્વક પાસ કરનાર એમ.એ.ઈકોનોમિકસમાં પ્રવેશ પાત્ર ગણવામાં આવે છે તે ધોરણો BBA સેકન્ડ કલાસ સાથે પાસ થનાર માટે લાગુ પાડવાની ભલામણ માન.કુલપતિશ્રીએ મંજૂરી આપેલ છે. જે મુજબ આગામી શૈક્ષણિક વર્ષથી એમ.એ.–ઈકોનોમિકસ માટે હાલની પ્રવેશપાત્રતા ઉપરાંત BBA II CLASS સાથે સફળતાપૂર્વક પાસ થનારને એમ.એ.–ઈકોનોમિકસમાં પ્રવેશપાત્ર ગણવાની વિચારણા કરવા અંગે...

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.બી.એ. અભ્યાસક્રમ બીજા વર્ગ સાથે પાસ કરેલ વિદ્યાર્થીને એમ.એ.–અર્થશાસ્ત્ર વિષયમાં પ્રવેશપાત્ર ગણવા અને તેનો અમલ આગામી શૈક્ષણિક વર્ષથી કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૧૦)** એમ.ફીલ. / પીએચ.ડી. સંશોધન અભ્યાસના વર્ષ ૨૦૧૫ ના પ્રવેશ સંદર્ભમાં સિન્ડીકેટની તા.૧૨–૧–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક (૧૦) અન્વયે નિયુકત સમિતિની સભા તા.૧–૯–૨૦૧૫ ના રોજ માન.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ સભાએ એમ.ફીલ. / પીએચ.ડી. સંશોધન અભ્યાસના પ્રવેશ તથા તેને આનુષંગીક બાબતે નીચે મુજબ ભલામણ કરેલ છે તે પર વિચારણા કરવા અંગે.

સમિતિની ભલામણ

(૧) પીએચ. ડી. / એમ. ફીલ પ્રવેશ ૨૦૧૫ ની એન્ટ્રન્સ પરીક્ષા ઓન લાઈન ધોરણે લેવી.

(૨) એન્ટ્રન્સ પરીક્ષાના પેપર નીચે મુજબ સેકશન ૧ અને ૨ મુજબ તેમના નામ સામે દર્શાવેલ વિષય અને વેઈટેજ મુજબ રાખવાનું રહેશે.

| | | |
|---|---|---|
| સેકશન ૧ | રીસર્ચ એપ્ટીટયુડ | ૩૦ ટકા ભારાંક |
| સેકશન ૨ | સંશોધન અભ્યાસના વિષય મુજબનું (અભ્યાસક્રમ માસ્ટર ડીગ્રી સુધીનો) | ૭૦ ટકા ભારાંક |

(૩) (અ) રીસર્ચ એપ્ટીટયુડનો સીલેબસ નીચે મુજબના તજજ્ઞ ધ્વારા તૈયાર કરાવવાના રહેશે.

ડૉ. અપૂર્વભાઈ દેસાઈ ડૉ. રાકેશભાઈ દેસાઈ ડૉ. આર. ડી. પટેલ

(બ) સંશોધન અભ્યાસના વિષયનું સીલેબસ જે તે વિષયની બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીની ભલામણ ડીનશ્રી ધ્વારા મંજુરીથી નિયત થયેલ સીલેબસ યુનિવર્સિટી વેબસાઈટ પર પ્રવેશ પ્રવેશ ઈચ્છુક અરજીકર્તાની જાણ માટે રજુ કરવુ.

(૪) એન્ટ્રન્સ પરીક્ષામાં ઓપન અને એસ.ઈ.બી. સી. કેટેગરીમાં અરજીકર્તા ઉમેદવારો ધ્વારા ૫૦ ટકા અને એસ. સી. અને એસ. ટી. કેટેગરીના અરજીકર્તા ઉમેદવારો ધ્વારા ૪૫ ટકા પ્રાપ્ત કર્યેથી પીએચ. ડી. / એમ. ફીલ. પ્રવેશના ઈન્ટરવ્યુ (વાઈવા) માટે પાત્ર ગણી તે ઉમેદવારના ઈન્ટરવ્યુ ( વાઈવા) મેરીટના આધારે કરાવવા.

(૫) પીએચ. ડી. / એમ. ફીલ. પ્રવેશ ભલામણ સમયે,

(અ) એન્ટ્રન્સ પરીક્ષામાં મેળવેલ માર્કસના ૯૦ ટકા ભારાંક અને ઈન્ટરવ્યુ (વાઈવા) માટે ૧૦ ટકા ભારાંકના આધારે રીસર્ચ સ્ટડીઝ સમિતિની ભલામણ મુજબ પ્રવેશની ફાળવણી કરવી.

(બ) જે.આર.એફ. / એમ.ફીલ. / નેટ / સ્લેટ / ગેટ સફળતા પુર્વક પાસ કરનાર ઉમેદવારની અનુસ્નાતક વિષયના ડીગ્રી અભ્યાસના મેરીટના આધારે રીસર્ચ સ્ટડીઝ સમિતિની ભલામણ મુજબ પ્રવેશની ફાળવણી કરવી.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડીકેટની તા.૧૨–૦૧–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક (૧૦) અન્વયે નિયુકત સમિતિની સભા તા.૧–૦૯–૨૦૧૫ ના રોજ મળેલ સભાએ એમ.ફીલ. / પીએચ.ડી. સંશોધન અભ્યાસના પ્રવેશ તથા તેને આનુષાંગિક બાબતે કરેલ ભલામણમાં નીચે મુજબ સુધારા વધારા સાથે પીએચ.ડી. ઓર્ડિનન્સ ૧ ની પ્રવર્તમાન જોગવાઈના સ્થાને આમેજ કરવા અને તેનો અમલ આગામી પ્રવેશની કાર્યવાહીથી કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૧) પીએચ.ડી. / એમ.ફીલ. પ્રવેશ માટેની એન્ટ્રન્સ ટેસ્ટ ઓન લાઈન ધોરણે લેવી.**

**(૨) પીએચ.ડી. / એમ.ફીલ. વિષયના પ્રવેશની બેઠક માટે તે વિષયના માસ્ટર ડીગ્રી અભ્યાસક્રમ સુધીનો અભ્યાસક્રમ ૧૦૦ % ભારાંક મુજબ રાખવું.**

**(૩) સંશોધન અભ્યાસના વિષયનું સીલેબસ જે તે વિષયની બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીની ભલામણ ફેકલ્ટી ડીનશ્રીની મંજુરીથી નિયત થયેલ સીલેબસ યુનિવર્સિટી વેબસાઈટ પર પ્રવેશ ઈચ્છુક અરજીકર્તાની જાણ માટે રજૂ કરવું.**

**(૪) એન્ટ્રન્સ ટેસ્ટમાં ઓપન અને એસ.ઈ.બી.સી. કેટેગરીમાં અરજીકર્તા ઉમેદવારો દ્વારા ૫૦ % અને એસ.સી. અને એસ.ટી. કેટેગરીના અરજીકર્તા ઉમેદવારો દ્વારા ૪૫ % પ્રાપ્ત કર્યેથી પીએચ.ડી. / એમ.ફીલ. પ્રવેશના ઈન્ટરવ્યુ (વાઈવા) માટે પાત્ર ગણી તે ઉમેદવારના ઈન્ટરવ્યુ (વાઈવા) મેરીટના આધારે કરાવવા.**

**(૫) (અ) એમ.ફિલ. પ્રવેશ માટે**

**એમ.ફીલ. પ્રવેશ માટે એન્ટ્રન્સ ટેસ્ટમાં મેળવેલ માર્કસના ૯૦ ટકા ભારાંક અને ઈન્ટરવ્યુ (વાઈવા) માટે ૧૦ ટકા ભારાંકના આધારે રીસર્ચ સ્ટડીઝ સમિતિની ભલામણ મુજબ પ્રવેશની ફાળવણી કરવી.**

**(બ) પીએચ.ડી. પ્રવેશ માટે**

**(એ) પીએચ.ડી. એન્ટ્રન્સ ટેસ્ટમાં કવોલીફાઈ થનાર ઉમેદવારો પૈકી પ્રવેશની કુલ બેઠકના ૩ ગણા અથવા કુલ્લે કવોલીફાઈ થયેલ ઉમેદવારો એ બે માંથી જે ઓછા હોય તે ઉમેદવારો દ્વારા રીસર્ચ સ્ટડીઝ સમિતિ સમક્ષ પ્રપોઝલ પ્રેઝન્ટેશન કર્યેથી નીચે મુજબના ક્રાઈટેરીયા સામે દર્શાવેલ વેઈટેજ મુજબ કુલ ૫૦ ગુણમાંથી ઉમેદવારોની યોગ્યતા મુજબ રીસર્ચ સ્ટડીઝ સમિતિ દ્વારા માર્કસની ફાળવણી કર્યેથી, રીસર્ચ સ્ટડીઝ સમિતિની ભલામણ મુજબ પ્રવેશની ફાળવણી કરવી.**

| ક્રમ | ક્રાઈટેરીયા | વેઈટેજ |
|---|---|---|
| ૧ | **Subject Knowledge** - વિષય જ્ઞાન | ૨૦ ટકા |
| ૨ | **Contemporary relevance of the topic** - વિષય વસ્તુની સાંપ્રત પ્રસ્તુતા | ૨૦ ટકા |
| ૩ | **Research Methodology** - સંશોધન પધ્ધતિ | ૨૦ ટકા |
| ૪ | **Critical Language** - વિષય સંદર્ભના વિવેચનની ભાષા | ૨૦ ટકા |
| ૫ | **With the R.S.C.** - ઉમેદવારની R.S.C. સાથે આંતરક્રિયા | ૨૦ ટકા |

(બી) <u>પીએચ.ડી. પ્રવેશ માટે (જે.આર.એફ. / એમ.ફીલ. / નેટ / સ્લેટ / ગેટ પ્રવેશ કેટેગરી)</u>

**જે.આર.એફ. / એમ.ફીલ. / નેટ / સ્લેટ / ગેટ સફળતાપૂર્વક પાસ કરનાર ઉમેદવારની અનુસ્નાતક વિષયના ડીગ્રી અભ્યાસના મેરીટના આધારે રીસર્ચ સ્ટડીઝ સમિતિની ભલામણ મુજબ પ્રવેશની ફાળવણી કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. સંશોધન અભ્યાસના પ્રવેશની કુલ બેઠકો પૈકી ૫૦ % બેઠકો એન્ટ્રન્સ પરીક્ષામાં ક્વોલીફાઈડ થયેલ ઉમેદવારો અને ૫૦ % બેઠકો જે.આર.એફ. / એમ.ફીલ. / નેટ / સ્લેટ / ગેટ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરનાર ઉમેદવારોમાંથી ભરવી.**

**(૧૧)** યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતાં બેચલર ઓફ આર્કિટેકચર અભ્યાસના આર્કિટેકચર વિભાગના આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં મેહુલભાઈ ઉમેદભાઈ પટેલ અનુસ્નાતક કક્ષાએ ફાઈન આર્ટસ ફેકલ્ટીની એમ.વી.એ. શિલ્પકલાની ડિગ્રી ધરાવતાં હોય અને તેઓ પ્રવર્તમાન Ph.D. નિયમની જોગવાઈ મુજબ પ્રવેશ પાત્રતા ધરાવતાં હોય તેમના ધ્વારા ગુજરાતી વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં પ્રવેશની મંજૂરી આપવાની વિનંતી કરેલ છે. સદરહુ બાબત વિદ્યાશાખા બદલવાની હોય O.Ph.D.4(II) ની નીચેની જોગવાઈ અન્વયે B.U.T. ની મંજૂરીથી વિષય/વિદ્યાશાખા બદલી પ્રવેશ મેળવી શકાય જે અવલોકનમાં લેતાં ગુજરાતી વિષયના સંશોધન અભ્યાસમાં પ્રવેશ અરજી કરવાની વિનંતી સ્વીકારીએ કે કેમ તે પર વિચારણા કરવા અંગે.

**<u>O.Ph.D 4 (II) :</u>**

**(II)** Notwithstanding anything contained in (I) above, a student who has passed the Master's Degree Examination in any subject may be permitted on the recommendation of the Board of University Teaching to register for an allied subject under the same and / or other Faculty for the Ph.D. Degree.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર વિભાગના આસી. પ્રોફેસર મેહુલભાઈ ઉમેદભાઈ પટેલને ગુજરાતી વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં પ્રવેશ અરજી કરવાની વિનંતી પ્રવર્તમાન O.Ph.D. 4(II) ની જોગવાઈ મુજબ મંજૂરી આપવામાં આવે છે.**

**(૧૨)** ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતના ડીનશ્રી ધ્વારા તેમના તા. ૨૫–૨–૨૦૧૫ના પત્ર ક્રમાંક : એમસીએસ/સ્ટુડન્ટ / ૩૯૭૯–૮૦/ ૨૦૧૫ થી એમ. ડી. અનુસ્નાતક અભ્યાસ અને પીએચ. ડી. સંશોધન અભ્યાસ શૈક્ષણિક જ્ઞાનના આદાન પ્રદાન માટે ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ સુરત અને સાઉથ ફલોરિડા યુનિવર્સિટી અને સેંટ જયુડ ચિલ્ડ્રન હોસ્પિટલ મેમ્ફિસ તથા સેન ડિયાગો યુનિવર્સિટી અમેરીકા સાથે એમ. ઓ. યુ કરેલ હોય, ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ ફેકલ્ટી માટે વિવિધ ટ્રેનિંગ પ્રોગ્રામ અને વર્કશોપના આયોજન થકી સંશોધનનું સ્તર ઈમ્પ્રુવ થયેલ હોય તેથી તબીબી વિદ્યાશાખાના ગવર્નમેન્ટ મેડીકલ કોલેજના અનુસ્નાતક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને પીએચ. ડી. સંશોધનાર્થીને આંતરરાસ્ત્રીય નિષ્ણાતોનો ગુણવત્તાસભર લાભ મળે તે હેતુથી એમ. ડી.ના ડેઝર્ટેશન અને પીએચ. ડી. સંશોધન અભ્યાસના સહ માર્ગદર્શક તરીકે આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોનો લાભ મળે તે હેતુથી તેવા તજજ્ઞોની સહ માર્ગદર્શક તરીકે નિમણૂંક કરવાની દરખાસ્ત કરેલ હોય જે દરખાસ્ત પર વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ડીનશ્રી, ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતની તબીબી વિદ્યાશાખામાં અનુસ્નાતક ડીગ્રી / પીએચ.ડી. સંશોધન અભ્યાસ માટે ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરત દ્વારા આંતરરાષ્ટ્રિય સ્તરે જે યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ. કરેલ હોય તે યુનિવર્સિટીના નિષ્ણાત પ્રાધ્યાપકની સહ માર્ગદર્શક તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આર્થિક જવાબદારી વિના ડીનશ્રી ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતની દરખાસ્ત અને ડીનશ્રી તબીબી વિદ્યાશાખાની ભલામણ અન્વયે મા.કુલપતિશ્રીની મંજૂરીથી નિયુકત કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૧૩)** માન.કુલપતિશ્રીના **પગલાની જાણ કરવા બાબત :–**

**૧.** પીએચ.ડી. સંશોધન અભ્યાસની માન્યતા આપવા નિયુક્ત હાહ્ય નિર્ણાયકના હકારાત્મક અહેવાલ સ્વીકારવાની સત્તા B.U.T ની તા.૦૯-૦૫-૨૦૧૨ની સભાએ તેના ઠરાવ ક્રમાંક ૧૧ અન્વયે માન.કુલપતિશ્રીને આપેલ હોય જે અન્વયે નીચેના યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત પીએચ.ડી. સુપરવાઇઝરના અરજીકર્તા શૈક્ષણિક સ્ટાફના તે સામે દર્શાવેલ વિષય અને વિદ્યાશાખા સામે દર્શાવેલ તજજ્ઞોના હકારાત્મક અહેવાલ B.U.T. વતી માન.કુલપતિશ્રીએ સ્વીકારી એકેડેમીક કાઉન્સીલને ભલામણ કરેલ છે.

| Sr. No. | Name of the Teacher & College / Institution | Faculty | Subject | Name of the Experts | |
|---|---|---|---|---|---|
| 1 | Dr. Dipakbhai G. Bhoye | Rural Study | Rural Study | Dr. Ramesh Vaghani | Dr. J.C.Patel |
| 2 | Dr. Patralekha Barad | Education | Education | Dr. Amrutbhai Bharvad | Dr. Dipubaben Devda |
| 3 | Dr. Merubhai H. Vadher | Arts | Gujarati | Dr. Ushaben Upadhyay | Dr. Parambhai Pathak |
| 4 | Dr. Chandubhai C. Chaudhari | Arts | History | Dr. Jigishbhai Pandya | Dr. Nareshbhai Parikh |
| 5 | Dr. Jashubhai Patel | Arts | Com. Lit | Dr. Bipinbhai Ashar | Dr. Anilbhai R. Chauhan |
| 6 | Dr. Falguniben S. Vansia | Education | Education | Dr. Aartiben Kasvekar | Dr. Ushaben Kher |
| 7 | Dr. Suhasben A. Dabhi | Arts | Gujarati | Dr. P.J.Patel | Dr. Nitinbhai Vadgama |
| 8 | Dr. Hiteshbhai N. Gandhi | Arts | Gujarati | Dr. Bipinbhai Ashar | Dr. Vinodbhai Joshi |
| 9 | Dr. Chandubhai K.Patel | Commerce | Commerce | Dr. Alokbhai Chakrawal | Dr. Sandeepbhai Bhatt |
| 10 | Dr. Mukeshbhai D. Patel | Arts | Hindi | Dr. Arjunbhai Tadvi | Dr. Shaileshbhai Mehta |
| 11 | Dr. Bhavnaben j. Champaneri | Arts | Sanskrit | Dr. Balkrushnabhai Sharma | Dr. Jaiprakash Dewdi |
| 12 | Dr. Jignaben R. Desai | Science | Bio-Science | Dr. P.C.Mankodi | Dr. Chiragbhai Aacharya |
| 13 | Dr. Punyaben P. Pradhan | Commerce | Commerce | Dr. Alokbhai Chakrawal | Dr. Pragneshbhai Shah |
| 14 | Dr. Prafulsinh J. Raj | Education | Education | Dr. Bhaghwanbhai Patel | Dr. Aartiben Kasvekar |

**:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.**

**(૧૪)** M.Phil / Ph.D. (Applied Statistics) **નો અભ્યાસક્રમ વર્ષ ૨૦૧૧–૧૨ થી અમલમાં આવ્યો હોય,** M.Phil / Ph.D. (Applied Statistics) **વિષયનો સ્ટેટયૂટ – ૧૦૬, ૧૨૦ અને ૨૨૯ માં આમે જ કરવા આંકડાશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિએ તેની તા. ૦૭/૦૭/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ અન્વયે કરેલી નીચેની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી સ્વીકારેલ છે, જે મંજૂર કરવા બાબત.**

**આંકડાશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની તા. ૦૭/૦૭/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૫**

STATUTE - 106
Faculty of Science
M.Phil / Ph.D. (Applied Statistics)

STATUTE - 120
Faculty of Science
M.Phil / Ph.D. (Applied Statistics)

STATUTE - 229
Faculty of Science
M.Phil / Ph.D. (Applied Statistics)

(શૈક્ષણિક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રવર્તમાન સ્ટેટયૂટ ૧૦૬, ૧૨૦ માં વિજ્ઞાન વિદ્યાશાખાના આંકડાશાસ્ત્ર વિષયની જોગવાઈ હોય તેમજ સ્ટેટયૂટ ૨૨૯ માં એમ.ફિલ. / પીએચ.ડી. ડીગ્રીની જોગવાઈ વિજ્ઞાન વિદ્યાશાખામાં હોય સદરહૂ બાબત પાછી ખેંચવામાં આવે છે.**

**(૧૫)** ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટી અથવા તે યુનિવર્સિટી સંલગ્ન કોલેજ/ઈન્સ્ટી.ના ફેકલ્ટી મેમ્બરના માર્ગદર્શન હેઠળ જો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પીએચ.ડી./એમ.ફિલ.ની ડિગ્રી એનાયત થયેલ હશે તો તે પત્રમાં જણાવ્યા મુજબ would be in violation of UGC (Minimum Standards and procedure for award of Ph.D. Degree) Regulations, 2009 ગણાશે તેમ UGC દ્વારા તેના પત્ર ક્રમાંક : D.O.No.F.10-6/2011(PS)Misc.,Dt. 6-07-2015 તથા UGCના પત્ર ક્રમાંક : D.O.No.F.10-6/2011(PS)Misc., Dt. 4-09-2015 થી Regular Faculty (not Adjunct faculty) ની નિમણૂંકની જોગવાઈ અંગે જણાવેલ છે. જે અવલોકનમાં લેતાં સિન્ડિકેટની તા. ૧૧–૧૦–૨૦૧૨ની સભાના ઠરાવ ક્રમાંક : (૧૬) માં ઠરાવ્યાનુસાર યુનિવર્સિટી દ્વારા અન્ય યુનિવર્સિટીના પીએચ.ડી. સુપરવાઈઝીંગ ટીચરની માન્યતા પ્રાપ્ત માર્ગદર્શક શિક્ષકના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓની ફાળવણી કરેલ છે. અન્ય યુનિવર્સિટીના પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકને ફાળવણી કરેલ હોય જે રજીસ્ટ્રેશન બાબતે UGC ની નીચેની ગાઈડ લાઈન સંદર્ભમાં વિચારણા કરવા અંગે.

"Universities shall allocate the supervisor from amongst the regular faculty members in a department or its affilated PG Colleges/Institutes depending on the number of students per faculty member, the available specialization among the faculty supervisors and the research interest of the student. It is further clarified that any Ph.D./M.Phil degree awarded by a University under the supervision of a supervisor <u>who is not a faculty member of the University or its affilated PG College/Institutes would be in violation of UGC (Minimum standards and procedure for award of M.Phil/Ph.D.) Reguations, 2009."</u>

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. ની ગાઈડ લાઈન મુજબ અન્ય યુનિવર્સિટીના પીએચ.ડી. માન્યતા પ્રાપ્ત માગદર્શકના માર્ગદર્શન હેઠળ નોંધાયેલ પીએચ.ડી. સંશોધનાર્થીના માર્ગદર્શક તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માર્ગદર્શકની નિમણૂંક રીસર્ચ સ્ટડીઝ સમિતિ દ્વારા કરવી અને જે તે સંશોધનાર્થીના અન્ય યુનિવર્સિટીના માર્ગદર્શકને કો–માર્ગદર્શક તરીકે નિમણૂંક કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૧૬)** STATUTE -291 મુજબ હાલ બાયોટેકનોલોજી વિભાગને માન્યતા આપવામાં આવેલ હોય O.Ph.D. 2 (III) ની જોગવાઈ મુજબ બાયોટેકનોલોજી વિષયમાં હાલમાં ત્રણ પીએચ.ડી. સુપરવાઈઝીંગ ટીચરો માન્યતા ધરાવે છે. જે અવલોકને લેતાં હવે પછીની પીએચ.ડી./એમ.ફિલ પ્રોગ્રામમાં બાયોટેકનોલોજી વિષયના પ્રવેશની કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા અંગે.

**<u>O.Ph.D. 2 (III)</u>**

In a subject where there is no University Department, the Ph.D. course work may be conducted at an affiliated college, recognized and identified by the University for conducting the content course provided that there is at least one Ph.D. guide in that college and there are at least three recognized guides for Ph.D. Degree in the subject in the University area.

The administration of this Centre shall be done by the Research Studies Committee (RSC).

<u>નોંધ</u> : ગત પ્રવેશની કાર્યવાહી દરમ્યાન બાયોટેકનોલોજી વિષયનો સમાવેશ બાયોસાયન્સ વિષયમાં કરી પ્રવેશની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, STATUTE -291 માં બાયોટેકનોલોજી વિભાગને માન્યતા આપવામાં આવેલ હોય O.Ph.D. 2 (III) ની જોગવાઈ મુજબ નિયત સંખ્યામાં પીએચ.ડી. સુપરવાઈઝીંગ ટીચરો ઉપલબ્ધ હોય, પીએચ.ડી./એમ.ફિલ પ્રોગ્રામમાં બાયોટેકનોલોજી વિષયના પ્રવેશની બેઠકો આગામી પ્રવેશની કાર્યવાહીથી જાહેર કરી પીએચ.ડી. ઓર્ડિનન્સની જોગવાઈ મુજબ રીસર્ચ સ્ટડીઝ સમિતિ દ્વારા પ્રવેશની કાર્યવાહી કરવા મંજૂરી આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૧૭)** **મા.અધ્યક્ષશ્રીની સંમતિથી અંગ્રેજી વિભાગના વડાશ્રી ડો. રાકેશભાઈ દેસાઈ દ્વારા પ્રવર્તમાન પીએચ.ડી. ઓર્ડિનન્સ 9 (II) ની જોગવાઈ સુધારીને તેનો અમલ કરવા મૌખિક દરખાસ્ત કરેલ હોય તે પર વિચારણા કરવા અંગે.**

<u>પ્રવર્તમાન પીએચ.ડી. ઓર્ડિનન્સ 9 (II)</u>

Prior to the submission of the thesis, the student may make a presentation on his / her draft work before the RSC as a seminar for getting feedback and comments, which may be suitably incorporated into the draft thesis under the advice of the supervising teacher.

The RSC shall make a report on the presentation and submit it to the University.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રવર્તમાન પીએચ.ડી. ઓર્ડિનન્સ 9 (II) નીચે મુજબના સુધારો આમેજ કરી અમલ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

Prior to the submission of the thesis, the student may make a presentation on his / her draft work before the Department. If there is no University Department in the subject thesis will be presentation before RSC as a seminar for getting feedback and comments, which may be suitably incorporated into the draft thesis under the advice of the supervising teacher.

The Department / RSC shall make a report on the presentation and submit it to the University.

*<u>નોંધ</u> : સભ્યશ્રીઓને વિનંતી કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની તા.૭–૧૦–૨૦૧૫ ની કાર્યવાહીના ઠરાવમાં સભામાં થયેલ નિર્ણય બાબતે જરૂરી યોગ્ય સુધારા વધારા જણાય તો જ તા.૨૦–૧૧–૨૦૧૫ સુધીમાં નીચે સહી કરનારને જાણ કરવા વિનંતી. વધુમાં, નિયત સમય બાદ મળેલ સુધારા વધારા આમેજ કરવામાં આવશે નહી.*

**ક્રમાંકઃ પીજી/ બીયુટી/૧૫૬૭૪/ ૨૦૧૫** Sd/-

**તા.૮–૧૦–૨૦૧૫** **કુલસચિવ**

**પ્રતિ,**

**અનુસ્નાતક શિક્ષણ મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ.....**